# ભારત માટે એક-મુદ્દાની પગલાં યોજના

## *India 1st* પહેલ




### ૧. શ્રેષ્ઠ 'ઘરે ઉગાડેલી' અથવા 'સ્વદેશી' *અસરકારક માનવ મૂડી* છે એનો જવાબ !

હાલમાં, આપણે આપણા પોતાના જાહેર અને ખાનગી ક્ષેત્રો સહિત આપણા પોતાના દેશનો વહીવટ કરવા માટે શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત અને નીમ્નતમ ખર્ચવાળી 'સ્વદેશી' અસરકારક માનવ મૂડીનો હંમેશા ઉપયોગ કરી શકતા નથી.

*જ્યારે ભારતીયોની ભાવિ પેઢી ભારતીય ઇતિહાસ વાંચે, ત્યારે આની વર્ષો ૧૯૪૭ થી ૨૦૦૨ વચ્ચે, ૫૫ વર્ષના સમયગાળામાં, ભારતનો ઝડપી વિકાસ અવરોધવા માટેના એક કારણ તરીકે નોંધ લેવાશે.*

*૧૧૦૦૦ લાખ લોકો હોવા છતાં આપણે આપણી શ્રેષ્ઠ ટીમોને યશા સ્થાને મૂકી શકતા નથી અને આપણા 'ઘરને' વિશ્વ કક્ષાના ધોરણોએ 'વ્યવસ્થિત' કરી શકતા નથી !*

**નાણાં કે તંત્ર વિજ્ઞાનનું ગમે એટલું પ્રમાણ અસરકારક માનવ મૂડીની હાજરીનું સ્થાન કદાપિ લઇ શકે નહીં.** વાસ્તવમાં, અસરકારક માનવ-શક્તિયુક્ત ટીમો ઉચ્ચ સ્પર્ધાત્મક અને વૈશ્વિક પર્યાવરણમાં બીજા સ્ત્રોતોને કઇ રીતે એકત્રિત કરવા એ જાણે છે, **એનાથી ઉલટું હોય એ સાચું નથી.**

### ૨. અર્થતંત્રનું 'એન્જિન'

**સંગઠિત ક્ષેત્ર** ભારતના અર્થતંત્રનું 'એન્જિન' હોવાનું કહેવાય છે. એ 'વિશ્વ કક્ષા'નું હોવું જોઇએ. કુલ ૧૮૦ લાખ લોકો જાહેર ક્ષેત્ર સાથે આશરે ૯૦ લાખ લોકો ખાનગી ક્ષેત્ર સાથે અને કાર્યરત છે. *કુલ રોજગારી આ ક્ષેત્રમાં આશરે ૨૭૦ થી ૨૮૦ લાખ છે.*

એણે હિસાબ આપવાપાત્ર, જવાબદાર હોવાની જરૂર છે અને કાર્યક્ષમતા, સારો વહીવટ અને સારી વ્યવસ્થા માટેના **બેન્ચમાર્ક તરીકે એનો ઉપયોગ થયો જોઇએ.** ભારતનો વહીવટ કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરે મૂડી તેમજ આવક ખાતું બંને પર, **www.loksatta.org અનુસાર, દરરોજ રૂ. ૨૩૦૦ કરોડ વાપરવામાં આવે છે.** ભારતના લોકોનું રક્ષણ થવું જ જોઇએ અને એને સંતોષ થવો જોઇએ કે આ રકમનો સારો ખર્ચ થાય છે.

આ ક્ષેત્રનું મુખ્ય ધ્યેય શક્ય એટલી શ્રેષ્ઠ રીતમાં વહીવટ કરવાનું અને વ્યવસ્થા કરવાનું અને ભારતના નાગરિકો અને દેશની સેવા કરવાનું અને તેમને લાભ આપવાનું છે. સરકાર, જો તે કાર્યક્ષમ અને વિશ્વ કક્ષાની હોય, તો ફક્ત નોકરીઓ, શિક્ષણ, આરોગ્ય, અર્થતંત્ર માટે સુવિધા પૂરી પાડી શકે છે! એ આપણા આર્થિક સુધારાઓ માટે 'મશાલચી' હોવી જોઇએ. દર વર્ષે ૨૮૦ લાખ જન્મે છે અને ૯૦ લાખ મૃત્યુ પામે છે!

**સંઘ તથા રાજ્ય સરકારોના ૧૮૦ લાખ કર્મચારીઓ વિશ્વકક્ષાનાં ધોરણોના અને અત્યંત કાર્યક્ષમ હોવા જરૂરી છે.** ભારતના ૧૧૦૦૦ લાખ લોકો તેઓના પર નિર્ભર છે !

### ૩. ભારતીય માનવ મૂડી વિશ્વભરમાં વખણાય છે, સિવાય કે ભારતમાં !

આપણી પાસે વિશ્વમાંના કેટલાક શ્રેષ્ઠ માનવ સ્રોતો છે, પરંતુ હેઠળ જણાવ્યા પ્રમાણોનાં કેટલાંક નિયંત્રણોને કારણે, **આપણે આપણા પોતાના દેશમાં તેમનો ઉપયોગ કરી શકતા નથી !**

ભારતીયો ઉત્પાદન તેમજ સેવા ક્ષેત્રો બંનેમાં, વિશ્વમાં કેટલીક સૌથી મોટી સંસ્થાઓનો વહીવટ કરે છે. ભારતીયો ઘણાં રાષ્ટ્રોને સલાહકારો તરીકે પણ મદદ કરે છે. જે **કોઇપણ વહીવટ અને વ્યવસ્થા કરવા માટે શ્રેષ્ઠ અને અસરકારક ટીમ લઇ આવે, તે વિજેતા નીવડશે.**

આજે, વિશ્વભરમાં સર્વ સારા રાજકારણીઓ પ્રથમ અર્થશાસ્ત્રની વાત કરશે. **શ્રેષ્ઠ રાજકારણીઓ અને નેતાઓ 'આજ વાત સાથે ચાલશે'.**

**ભારતે વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક બનવાની જરૂર છે.** આપણો વિશ્વ વ્યાપાર ફક્ત ૮% છે, ત્યારે આપણી વસતિ છે ૧૭%. ભારતનો જીડીપી વિશ્વ જીડીપીના ફક્ત ૧.૮% છે. ભારતમાં **માગ ઘણી ઉંચી છે, પરંતુ ખરીદ શક્તિ નીચી છે,** તે દિવસના ફક્ત **૧.૮૨ અમેરિકન ડૉલર**ની માથા દીઠ આવક જેટલી નીચી હોવાને કારણે છે! *ગરીબીની રેખાની વિશ્વ બૅન્કની વ્યાખ્યા અનુસાર,* દિવસ દીઠ માથા દીઠ કમાણી **૧ અમેરિકન ડૉલર** હતી, જે હવે દિવસ દીઠ **૨ અમેરિકન ડૉલર** તરીકે સુધારવામાં આવી છે.

અસ્તિત્વ ટકાવવા અને રોજગારી પેદા કરવા માટે, ભારતે એશિયા, લેટિન અમેરિકા, મધ્ય પૂર્વ અને પૂર્વ યુરોપમાંના સ્પર્ધાત્મક દેશો સાથે **કર્મચારી કાયદાઓ** *બેન્ચમાર્ક* કરવાની જરૂર છે.

### ૪. ભારતીય સમસ્યાઓ માટેનાં કારણો

**કેટલીવાર આપણે સંસ્થા અને રાષ્ટ્રના કોઇપણ ભોગે કેટલાક કર્મચારીઓનો બચાવ કરીએ છીએ !** ભારતીય બંધારણનો આર્ટિકલ ૩૧૧ સંઘ તથા રાજ્ય સરકારોના કર્મચારીઓનું રક્ષણ કરે છે.

આને યોગ્યરીતે સુધારવાની જરૂર છે, કેમકે એ આજના સંદર્ભમાં **ઇચ્છવા યોગ્ય નથી,** કારણ કે એ રાજ્ય તથા સંઘ સરકારના જેઓ કર્મચારીઓ છે એવા ૧.૭% (૧૮૦ લાખ લોકો) ભારતીયોનો અને આડકતરીતે, સંગઠિત ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ (૯૦ લાખ લોકો)નો વધુ પડતો બચાવ કરે છે, જે ભારતની વસતિના ૨.૬% (૨૭૦ લાખ લોકો)નું પ્રતિનિધિત્વ કરે છે.

***આપ કામ કરો કે ન કરો નોકરી ગુમાવવાનો કોઇ ડર નથી !***

કેટલીકવાર, આ કર્મચારીઓ આજીવન રોજગારી માટે રક્ષણ માગે

છે અને મેળવે છે, પછી તેઓ ભલે,

૧. કામ કરે કે ન કરે

૨. તેઓ પ્રામાણિક હોય કે રૂશ્વતખોર, અથવા લાંચ લેતાં રંગે હાથપકડાય જાય

૩. તેઓ ગેરહાજર હોય પરતું હાજર હોવાની નોંધ થાય

૪. તેઓ કાર્યક્ષમ હોય કે બિનકાર્યક્ષમ

૫. તેઓ પોતાનાં કામો બીજાઓને પેટા-કૉન્ટ્રાક્ટ પર આપે

૬. ઈરાદાપૂર્વક જાહેર માલમત્તાનો નાશ કરે

૭. વર્ષોના વર્ષો સુધી વરસે દહાડે ૧૫ દિવસ/વર્ષ માંદગીની રજા લે! દર વર્ષો, ચોક્કસ ૧૫ દિવસ માંદા પડવું અશક્ય છે! (પ્રતિ વર્ષ ૧૫ દિવસની માંદગીની રજા ધારતાં)

૮. એજ સંસ્થાની પર અંદર ઉત્પાદકતા સુધારવા માટે પુનઃ તાલીમ, પુનઃ નિયુક્તિ અને પુનઃ ઘડતર નિયંત્રિત કરે અને

૯. વ્યવસ્થાતંત્રો પર દબાણ લાવવા માટે કામ ખોરવી નાંખે, અને જાહેર સાહસોની સ્થાયી અસ્ક્યામતોને નુકશાન કરે અથવા તેમાં ભાંગફોડ કરો.

જો કેટલાક મહત્વના વિભાગોને, ખાસ કરીને રક્ષણ આપવામાં આવે તો, આ રીતે, કોઈપણ દેશ કાર્યક્ષમતા પૂર્વક વહીવટ કરી શકે નહીં, **૧.૭% ભારતની વસતિ મત બૅન્ક પણ નથી !**

કેન્દ્ર સરકારના પ્રધાનો, સાંસદો, ધારાસભ્યો , સુધરાઈના સભ્યો ૫ વર્ષની મુદત પછી અથવા લોકોની ઈચ્છાનુસાર વધુ વહેલા બદલી શકાય છે.

*વર્તમાન સિસ્ટમ હેઠળ, સંઘ અને રાજ્ય સરકારોનાં કર્મચારીઓ અને તેઓના સહયોગીઓને ઉપર જણાવ્યા મુજબ, તેઓની કામગીરીને ધ્યાનમાં લીધા વગર, આજીવન રોજગારી આપવામાં આવે છે!*

## ૫. ભારત માટેના પગલાંની યોજના

***ભારતને શોષણથી નાગરિકોનું રક્ષણ કરવા માટે એક 'કર્મચારી નીતિ' ની જરૂર છે!***

**આપણે રોજગારીનું રક્ષણ કરવું જોઈએ,** પરંતુ જેઓ અપેક્ષાઓ કરતાં ઉણા ઉતરે અને *કામની સંસ્કૃતિનાં સામાન્ય ધોરણો તથા કામની નીતિમત્તાને અનુરૂપ કામગીરી ન બજાવે* તેવા કર્મચારીઓનું નહીં. ખાસ કરીને જયારે આપણી પાસે એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જો પાસે નોંધાયેલા ૪૦૦-૪૫૦ લાખ બેરોજગાર લોકોછે. બેરોજગાર સક્ષમ શરીરવાળા ભારતીયોની કુલ સંખ્યા આ સંખ્યા કરતાં **૨ થી ૬** ગણી હોવાનો અન્દાજ છે. (અમારો અન્દાજ)

આમાં **સીટુસી** અથવા **સીઈઓ** અથવા ચેરમેનથી **કૂલી** સુધીનો સમાવેશ થાય છે! શબ્દ **લેબર લૉ,** ૧૯મી સદીના સંદર્ભમાં છે અને તેને **કર્મચારી કાયદા** (એમ્પ્લોયી લો) નામ આપવું જોઈએ. ભારતના નેતાઓ અને લોકોએ પગલાંનો શ્રેષ્ઠ માર્ગ નક્કી કરવા માટે પ્રસાર માધ્યમો અને લોકસભામાં જાહેર ચર્ચા દ્વારા નિર્ણય કરવો જોઈએ

*અમે છટણી અંગે રાષ્ટ્રીય નીતિનું કોઈપણ સ્વરૂપ સૂચવતા નથી. વ્યક્તિગત સંસ્થાઓને માનવ શક્તિનું કદ ઘટાડવા, છટણી કરવા અને તે ઘટાડવા કે **વધારવા** વિશે તેઓને પોતાને જ નિર્ણય લેવા દેવો જોઈએ. **ફક્ત તંદુરસ્ત સંસ્થાઓજ નવી રોજગારી પેદા કરી શકે છે.***

*સંસ્થાઓને જો કર્મચારીઓ પૅરેગ્રાફ નં. ૪ હેઠળ જણાવ્યા પ્રમાણેના વિસ્તારોમાંના કેટલાકમાં આવતા હોય, તો તેઓને બદલવાની છૂટ આપવી જોઈએ. ખાસ કરીને કલૉઝ નં. # ૪ (૨), (૩), (૫), (૬) અને (૭) હેઠળ.*

***આપ નક્કી કરો!* આ એક મુદ્દાની પગલાંની યોજના ભારતના ૧૧૦૦૦ લાખ લોકોની 'છૂપી તાકાત' પ્રગટ કરશે.**

ઉપર મુજબના સંજોગોમાં **સારા શાસન અને અસરકારક વહીવટ** વડે આપણે આપણા કાર્યક્ષમ દેશને કેવી રીતે ચલાવી શકીએ? આપણે પહેલાં આપણું **'ઘર વ્યવસ્થિત કરવું'** જોઈએ તો બાકીનું બધું પોતાની મેળે ગોઠવાઈ જશે. અમારી ૪૮ પાનાંની **'ભારતનું પરિવર્તન'** નામક પુસ્તિકામાં ઉપયુક્ત કાર્યયોજનાઓ સાથે આ વાત સમજાવવામાં આવી છે. બાકીનું બધું યોગ્ય સ્થાને ગોઠવાઈ જશે. **ભારતનું પરિવર્તન** પ્રત દીઠ રૂ.૫૦ની કિંમતે ઉપલબ્ધ છે. કૃપા કરી *i Watch* ને મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર ડીમાન્ડ ડ્રાફ્ટસ હેઠળ જણાવેલાં સરનામે મોકલો.

વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.wakeupcall.org જુઓ. **'એક એવું *ભારત* જેનાથી કદાચ તમે અજાણ છો'**ની પ્રતો અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગાળી, આસામી, ઓરિયા, તમીલ, તેલુગુ, કન્નડ, પંજાબી, ઉર્દૂ અને મલયાલમ ભાષામાં ઉપલબ્ધ છે.

તમે અમારી ૪૮ પાનાંની પુસ્તિકા **'ભારતનું પરિવર્તન'** ની વિગતોનો નમુનો વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકો છો. આ પુસ્તિકા અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગાળી, આસામી, ઓરિયા, તમીલ, તેલુગુ, કન્નડ, પંજાબી, ઊર્દૂ અને મલયાલમમાં ઉપલબ્ધ છે.


# *i Watch*

Edited, Published and Printed for *i Watch* by Krishan Khanna. He is from IIT, Kharagpur. Between 1961 to 1992 he was responsible for 14 joint ventures and business partnerships with 14 different countries around the World. In 1993 he took 'Sanyas' from business for **Nation Building** and **Transforming INDIA**.



Krishan Khanna is Chairman - Vocational Education & Training Committee – **EPSI,** Educational Promotion Society of India, New Delhi. Co-Chairman - Committee on Education & Industry Co-operation, - **PHDCC&I,** New Delhi, Member - CII National Committee on Education, New Delhi, Director - Vocational Services, **Rotary International,** Rotary District 3140, Bombay Mid Town, Bombay, Member **Planning Commission** Committee on Secondary Education & Vocational Education, New Delhi, Member 11th Plan Committee of **IGNOU,** New Delhi, Advisor - Vocational Education & Training, Times Foundation, New Delhi, Member **FICCI** National Committee on Education, New Delhi, **ASSOCHAM** National Committee on Education, New Delhi, Member 11th Plan Working Group of the **Ministry of HRD,** New Delhi and Member of the Board of the **AICTE,** New Delhi. The views and opinions expressed are Krishan Khanna's personal views and some points may not be accepted by some or all of the above mentioned organizations. Feedback & comments to *i Watch* 211, Olympus, Altamount Road, Mumbai 400 026. Email krishan@wakeupcall.org Website: www.wakeupcall.org Tel +91 22 2353 5466, Fax +91 22 2353 6782.



*INDIA 1st* is a division of *i Watch*


**વાચક માટે સંદેશઃ- કૃપા કરી આ પ્રકાશન આપના મિત્રો અને સહયોગીઓને તથા આપની નજીકની સ્થાનિક શાળા અથવા કૉલેજના ઓછામાંઓછા એક શિક્ષકને પહોંચાડશો.**

Organizations which have supported us in the past